પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૭૧ | ૨૨ મે, ૨૦૧૯, બુધવાર; વૈશાખ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦



આજ પ્રારંભ છે ની અનુભૂતિ સાથે...

EXCELLENCE THROUGH ENDEAVOURS MAS FINANCIAL SERVICES LTD.
The Power of Distribution

MAS હવે ₹5000 કરોડથી પણ વધુ અસ્ક્યામતોના પ્રબંધક

• એસ.એમ.ઈ. લોન • એગ્રીકલ્ચર લોન
• ટુ વ્હીલર લોન • હોમ લોન
• કોમર્શીયલ વ્હીકલ લોન

Let Us Realise The Dream
MRHMFL
MAS RURAL HOUSING AND MORTGAGE FINANCE LIMITED

MAS સાથે પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે જોડાયેલ દરેક વ્યક્તિનો આભાર


# વીવીપેટ : ૧૦૦ ટકા સ્લીપ વેરિફિકેશનની ઉગ્ર માંગ

**દેશના ૨૨ પક્ષોના નેતાઓની ચૂંટણી પંચ સમક્ષ જોરદાર રજૂઆત : પરિણામ આવે તે પહેલા જ ૨૨ પક્ષોના નેતાઓની દિલ્હીમાં મિટિંગ યોજાઈ : એક્ઝિટ પોલના તારણ બાદ વિરોધ પક્ષો ઇવીએમને લઇ ફરીવાર અસંતુષ્ટ**

નવીદિલ્હી, તા. ૨૧

લોકસભાની ચૂંટણીના પરિણામ આવે તે પહેલા જ ઈવીએમ અને વીવીપેટના મુદ્દા ઉપર ફરીવાર હોબાળો શરૂ થઇ ગયો છે. આ સંદર્ભમાં આજે તૃણમુલ કોંગ્રેસ, કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી, આમ આદમી પાર્ટી સહિતના ૨૨ વિરોધ પક્ષોના નેતાઓ ચૂંટણી પંચને મળવા માટે પહોંચ્યા હતા. વિપક્ષે ચૂંટણી પંચ સમક્ષ માંગ કરી હતી કે, ૨૩મી મેના દિવસે મતગણતરી શરૂ થતાં પહેલા કોઈપણ ક્રમમાં ચૂંટાયેલા પોલિંગ સ્ટેશનોની વીવીપેટ સ્લીપમાં તપાસ કરવી જોઈએ. વિપક્ષી દળોએ એવી માંગ પણ કરી છે કે, જો કોઈ એક બૂથ ઉપર વીવીપેટ સ્લીપ મેચ થતાં નથી તો સંબંધિત વિધાનસભા ક્ષેત્રમાં તમામ મતદાન કેન્દ્રોની વીવીપેટની અરજીની ગણતરી કરવી જોઈએ. સાથે સાથે તેના ઈવીએમ રિઝલ્ટ સાથે મુલ્યાંકન કરવાની જરૂર છે. ચૂંટણી પંચના અધિકારીઓ સાથે વાતચીત કર્યા બાદ કોંગ્રેસના વરિષ્ઠ નેતાગુલામ નબી આઝાદે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, અમે માંગણી કરી રહ્યા છે કે, વીવીપેટ સ્લીપના મેચિંગ પહેલા કરવા જોઈએ. જો કોઈ ભુલ નજરે પડે તો એ ક્ષેત્રમાં તમામની ગણતરી થવી જોઈએ. બીજી બાજુ ચૂંટણી પંચે કહ્યું છે કે, સ્ટ્રોંગરુમમાં ઈવીએમ સંપૂર્ણપણે સુરક્ષિત છે. ચૂંટણી પંચે ઉપયોગ કરવામાં આવેલા વોટિંગ મશીનની

● અનુસંધાન પાન-૭ પર



## ઈવીએમ સુરક્ષિત અને વિશ્વાસ રાખવાની જરૂર : ચૂંટણી પંચની ખાતરી

વિરોધ પક્ષોએ સાથે મળીને ચૂંટણી પંચ સમક્ષ રજૂઆત કરી છે ત્યારે બીજી બાજુ સુપ્રીમ કોર્ટની સાથે સાથે ચૂંટણી પંચે પણ રાજકીય પક્ષોની રજૂઆતને ફગાવી દીધી છે. ચૂંટણી પંચે ઉત્તરપ્રદેશમાં ચાર મામલાઓમાં વિપક્ષની આશંકાઓને ફગાવી દઈને કહ્યું છે કે, ઈવીએમ બિલકુલ સુરક્ષિત છે અને વિશ્વાસ જાળવી રાખવાની જરૂર છે. ટેકનોક્રેટ્સના એક ગ્રુપે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને માંગ કરી હતી કે, વેરિફિકેશન માટે તમામ ઈવીએમને જોડી શકાય નહીં. ચૂંટણી પંચે કહ્યું છે કે, તમામ મામલાઓમાં ઈવીએમ અને વીવીપેટને ઉમેદવારની સામે સારી રીતે સીલ કરવામાં આવ્યા હતા. વિડિયોગ્રાફી કરવામાં આવી હતી. તમામ આક્ષેપો આધારવગરના છે.

## વીવીપેટને મેચ કરવા માટેની અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી

**૧૦૦ ટકા વીવીપેટ મેચ કરવાને મુદ્દે ફટકો : કંપનીની દલીલોને પણ ફગાવી દેવાઈ : અરજી કરનારની સુપ્રીમ કોર્ટે ઝાટકણી કાઢી : વારંવાર સુનાવણીનો ઇન્કાર**

નવી દિલ્હી,તા. ૨૧

લોકસભાની ચૂંટણીના પરિણામ આવે તે પહેલા જ ચૂંટણી પરિણામને લઈને ચિંતાતુર અને પરેશાન થયેલા વિરોધ પક્ષોને આજે મોટો ફટકો પડ્યો હતો. સુપ્રીમ કોર્ટે લોકસભાની ચૂંટણી માટે ૨૩મી મેના દિવસે મતગણતરી દરમિયાન ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનની સાથે વીવીપેટના ૧૦૦ ટકા મેચિંગની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વમાં વિસ્તૃત બેંચે આ મામલે પહેલાથી જ સુનાવણી કરી લીધી છે અને આદેશ પણ આપી દીધો છે. જસ્ટિસ અરુણ મિશ્રા અને એમઆર શાહની બનેલી બેંચે આદેશ કર્યો હતો. સાથે સાથે ચેન્નાઈ સ્થિત ઓર્ગેનાઈઝેશન ટેક-૪ ઓલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. બેંચે કહ્યું હતું કે, સીજેઆઈ આ મામલામાં સુનાવણી ચલાવી શકે છે. આવી સ્થિતિમાં બે જજની વેકેશન બેંચ સમક્ષ શા માટે સુનાવણીની તક લેવામાં આવી રહી છે. અમે તાકિદની સુનાવણી માટે આવા કોઈ કેસને હાથ ધરીશું. સીજેઆઈના આદેશને ઉપર જઈને કોઈ નિર્ણય લેવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે આ મામલાની તાકિદની સુનાવણી માટે માત્ર ઈન્કાર જ કર્યો નથી બલ્કે અરજીને સ્પષ્ટપણે ફગાવી દીધી હતી. ૭મી મેના દિવસે સીજેઆઈના નેતૃત્વમાં ત્રણ જજની બેંચે ૨૧ વિરોધ પક્ષો દ્વારા દાખલ કરવામાં આવેલી રિવ્યુ પિટિશનને ફગાવી દીધી હતી. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુના નેતૃત્વમાં ૨૧ વિરોધ પક્ષો દ્વારા આ અરજી કરવામાં આવી હતી જેમાં ઈવીએમ સાથે વીવીપેટ સ્લીપને મેચ કરવાની સંખ્યા ૫૦ ટકા કરવાની માંગ કરવામાં આવી હતી. આ પહેલા સુપ્રીમ કોર્ટે

● અનુસંધાન પાન-૭ પર

## મુલાયમ અને અખિલેશને સીબીઆઈની ક્લીન ચિટ

ન્યુ દિલ્હી,તા.૨૧

આવકના જાણીતા સ્ત્રોતથી વધારે સંપત્તિ રાખવાના મામલામાં સીબીઆઈએ મુલાયમસિંહ અને સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મુલાયમસિંહ યાદવ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં એક સોગંદનામું દાખલ કર્યું છે. આ સોંગદનામામાં સીબીઆઈએ તેમને ક્લિનચીટ આપી દીધી હોવાનું સામે આવી રહ્યું છે. સીબીઆઈએ સ્પષ્ટ કર્યું છે કે, પિતા-પુત્રો વિરુદ્ધ રેગ્યુલર કેસ (આરસી) દાખલ કરવા માટે આ મામલે તેમને કોઈ જ પુરાવાઓ પ્રાપ્ત થયા નથી.

## જેટના કર્મીઓએ ઉડ્ડયન મંત્રાલય બહાર દેખાવો કર્યો

ન્યુ દિલ્હી,તા.૨૧

જેટ એરવેઝના કર્મચારીઓએ મંગળવારે નાગરિક ઉડ્ડયન મંત્રાલયની બહાર પ્રદર્શન કર્યું. જેટના ૨૦૦ કર્મચારી બેનર લઈને મંત્રાલય તરફ આગળ વધી રહ્યાં હતાં, પરંતુ દિલ્હી પોલિસ અને સીઆરપીએફે તેમને રોક્યા હતા. બાદમાં ત્રણ કર્મચારીઓએ મંત્રાલયના સંયુક્ત સેક્રેટરી એસ કે મિશ્રા સાથે મુલાકાત કરી હતી.

મીટિંગમાં સામેલ કર્મચારી આશિષ કુમાર મોહંતીએ કહ્યું છે કે અમે હાલની સ્થિતિ વિશે જણાવ્યું છે. છેલ્લા ૫ મહીનાથી અમને સેલેરી મળી નથી. મેડિકલ કવરેજ પણ રોકવામાં આવ્યું છે.

# સટ્ટાબજારમાં પણ ભાજપ હોટફેવરીટ

**સીટો ઓછી રહેશે પરંતુ ભાજપને સૌથી વધુ સીટો : સટ્ટાબજારમાં ભાજપને ૨૩૮થી ૨૪૫ બેઠકો મળી શકે**

નવી દિલ્હી,તા. ૨૧

લોકસભાની ચૂટણી માટે પરિણામની જાહેરાત કરવામાં આવે તે પહેલા એક્ઝિટ પોલના તારણ જારી કરવામાં આવ્યા છે.એક્ઝિટ પોલના તારણ મુજબ ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં એનડીએની જીત દર્શાવવામાં આવી રહી છે. એક્ઝિટ પોલ જુદા જુદા અન્ય સર્વેમાં પણ ભારતીય જનતા પાર્ટીની જીત થઇ રહી છે. અલબત્ત મુંબઈને બાદ કરતા મોટા ભાગની જગ્યાએ સટ્ટાબાજ એગ્ઝિટ પોલની સરખામણીમાં કેટલીક ઓછી સીટો આપી રહ્યા છે. સાત તબક્કામાં મતદાનની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવ્યા

● અનુસંધાન પાન-૭ પર

## સતત બીજા દિવસે પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો

પેટ્રોલ-ડીઝલના ભાવમાં સોમવારે આવેલી તેજી બાદ મંગળવારે પણ ભાવમાં વધારો થયો. સતત બીજા દિવસે પેટ્રોલના ભાવમાં તેજી જોવા મળી.


Since 2004

INFO CITY JUNIOR SCIENCE COLLEGE

Infocity JUNIOR SCIENCE COLLEGE
(HIGHER SECONDARY GUJARATI & ENGLISH MEDIUM SCHOOL)

The right way of learning the best education for BOARD EXAM SYLLABUS, JEE/NEET/GUJCET

❖ Best Management
❖ Best Faculties for all the subjects
❖ Best Result every year without tutions
❖ Visit for detail information about present and past academic result,teaching method etc...

-: Management :-

V. V. Vaishnav
M.Sc.(Maths), B.Ed.
(Sargasan Unit)
# 98253 53551

M. K. Dalsania
M.Sc.(Maths), B.Ed.
(Sargasan Unit)
# 99790 98385

Dr. Pradip K. Gaglani
M.Sc.(Biology), M.Ed., LL.B., Ph.D.
(Infocity Unit)
# 98242 66121

Unit : 1 ( Sargasan)
Plot No. 42, T.P.-7, Sargasan,
Secondary & Higher Secondary School
(English & Gujarati Medium)
Mobile : 7623871647, 7069814797

Unit : 2 ( Gh-0, Infocity)
Infocity Complex, Anexe Building, Gh-0
Higher Secondary School
(Only English Medium)
Mobile : 079-23213033, 6351290334

HIGHEST PERCENTILE IN 2019 99.63%
HIGHEST GUJCET RESULT 2019 99.79%
NEET/GUJCET/JEE ની સંપૂર્ણ તૈયારી

Your Dream School...
Shree Swaminarayan Gurukul Vidyalaya
TOWER BUILDING, GURUKUL CAMPUS, SECTOR-23, GANDHINAGAR
ધો. 11-12 સાયન્સ
STD. 11-12 COMMERCE (ENGLISH & GUJARATI MEDIUM)
Committed to Excellence in Education
Call. 9173198181, 9173398181